જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૯/૨૦૧૫ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૧૮૬૮/૧૫

## દોઢ વર્ષ પહેલા અડાલજ ખાતે બનેલ ધાડના ગુનામાં સંડોવાયેલ રીઢો ચોર વોન્ટેડ આરોપીને પકડી પાડતી ક્રાઈમબ્રાન્ચ

અમદાવાદ શહેરમાં તેમજ આજુબાજુના વિસ્તારોમાં હાઈવે ઉપર ધાડ,લુંટના ગુન્હા બનતા હોય જે ગુન્હા બનતાં અટકાવવા તેમજ બનેલ ગુનાં શોધી કાઢવા સારુ પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય જે અનુસંધાને શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓની સુચના આધારે શ્રી કે.એન.પટેલ, મદદનીશ પોલીસ કમિશ્નર, ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ શ્રી જે.એસ.ગેડમ, પોલીસ ઈન્સ્પેકટર, ક્રાઈમ બ્રાન્ચ નાઓની ટીમના પો.સ.ઈ.શ્રી બી.એચ.કોરોટ તથા પો.સ.ઈ. શ્રી જે.એન.ગોસ્વામી તથા તેઓનાં સ્ટાફનાં માણસો સાથે તા.૧૬/૯/૨૦૧૫ ના રોજ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા, દરમ્યાન પો.સ.ઈ. શ્રી જે.એન.ગોસ્વામી નાઓને મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે ઇસનપુર સુર્યનગર ગરનાળા પાસેથી પ્રવિણસિહ ઉર્ફે પપ્પુ રામદેવસિહ રાજપુત ઉ.વ. ૩૨ રહે.નીલગીરી ના છાપરા ચંડોળા તળાવ રાકેશ કીરણા સ્ટોર સામે ઇસનપુર અમદાવાદ શહેર નાનો મળી આવતાં તેની પુછપરછ દરમ્યાન તેણે આજ થી દોઢ વર્ષ પહેલા શેરથા ગામ ત્રીમુર્તિ મંદીર સામે પોતાની સાથેના અંરવિદ તથા વાઘો ઓડ, શૈલેષ તથા શૈલેષ ના બે માણસો સાથે એક ઇન્ડીકાકાર ચાલક ને મારમારી છરી વડે ઇજા કરી ઇન્ડીકામાં બેસાડી છત્રાલ નજીક અવાવરુ જગ્યાએ ઉતારી દઈ ઈન્ડીકા તેમજ તેનો મોબાઈલ લઈ ભાગી ગયેલ જે ગુના માં વોન્ટેડ હોવાનુ જણાવતો હોય જે બાબતે અડાલજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૭/૨૦૧૪ ઈ.પી.કો.કલમ ૩૯૭,જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ થયેલ હોય સદરી આરોપીને અડાલજ પો.સ્ટે. તરફ મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

### આરોપીનો પુર્વ ઈતિહાસ

1. આરોપી અગાઉ વટવા પોલીસ સ્ટેશન ભંગાર ચોરી માં તેમજ બાઇક ચોરીના ગુનામાં
2. મણીનગર પો.સ્ટે બાઇકચોરી માં
3. દાણીલીમડા પો.સ્ટે બાઇક ચોરી માં
4. ઇસનપુર પો.સ્ટે ઘરફોડ ચોરી તેમજ બાઇક ચોરી ના ગુના માં પકડાયેલ
5. રામોલ પો.સ્ટે મોબાઇલ ચોરી ના ગુના માં
6. અસલાલી પો.સ્ટે બાઇક ચોરી તેમજ મોબાઇલ ચોરી ના ગુના માં
7. ઇસનપુર પો.સ્ટે થી મને બે વર્ષ માટે તડીપાર કરેલ તેમજ ત્રણ વખત પાસા કાપી આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)